કોરોના વાયરસ COVID-19 બાબતે સરકારી કચેરીઓની કરવાની કાર્યવાહી તથા રાજયના પ્રજાજનોને અપીલ બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ- એનસીવી-૧૦૨૦૨૦-એસ એફ એસ ૧-ગ
સચિવાલય ગાંધીનગર
તા. ૧૯/૦૩/૨૦૨૦

પરિપત્ર:-

૨. રાજયમાં કોરોના વાયરસ એક મહામારી નથી પરંતુ રાજયમાં ભવિષ્યની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/૦૩/૨૦૨૦ ના નોટીફિકેશનથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" તેમજ અન્ય દેશમાં તથા રાજ્યમાં શંકાસ્પદ દર્દીઓની સંખ્યા જોતાં રાજ્યમાં અગમચેતીના પગલાં રૂપે રાજયની તમામ શાળાઓ, કોલેજો, આઇ.ટી.આઇ, પોલીટેકનિક, ટ્યુશન/કોચિંગ કલાસીસ, આંગણવાડી, થિયેટર, સ્નાનાગારો બંધ કરવા તેમજ કોન્ફરન્સ, વર્કશોપ, સેમીનાર મોકૂફ રાખવા પરિપત્ર કરવામાં આવેલ છે.

૩. **ગુજરાતમાં આ રોગનો એક પણ કન્ફર્મ કેસ નોંધાયેલ નથી.** આ રોગના લક્ષણોમાં ભારે તાવ, કફ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ વગેરે જોવા મળે છે. આ રોગનો ફેલાવો શ્વાસોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. આથી આ રોગના દર્દીના સંપર્કમાં આવનાર અન્ય વ્યક્તિ પણ સહેલાઇથી ચેપગ્રસ્ત બને છે.

૪. રાજયના તમામ જિલ્લા કલેકટરશ્રીઓ,તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને પોતાના કાર્યક્ષેત્ર હેઠળની કચેરીઓમાં કોરોના અંગેની એડવાયઝરી બહાર પડવા તેમજ તેના અમલીકરણ માટે યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. તેમજ પોતની તેમજ પોતાના હસ્તકની કચેરીઓની મહત્વની સેવાઓ પ્રજાને ઓનલાઈન મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૫. પ્રજાજનોએ વધુ ભીડ ભાડવાળા સ્થળે ન જવા માટે અપીલ કરવામાં આવે છે. રાજય બહાર, દેશ બહાર અનિવાર્ય સંજોગો સિવાય મુસાફરી ટાળવી, મોટા શહેરો, મહાનગરોમાં ભીડ ભાડના સ્થળોએ જવાનું ટાળવા અપીલ કરવામાં આવે છે. સરકારી કચેરીઓમાં અનિવાર્ય સંજોગો સિવાય જવાનું ટાળવુ તેમજ જેમ બને તેમ ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરવા અપીલ છે. સામુહિક/સામાજિક મેળાવડાઓના નાનાં-મોટા પ્રસંગો ટાળવા/મોકૂફ રાખવા પુન: અપીલ કરવામાં આવે છે. ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા જાહેર કરેલ એડવાઈઝરીનું પાલન કરવા અપીલ છે.આપના સહયોગ અને સાથ સહકારની અપેક્ષાએ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એમ.કુરેશી)
સંયુકત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(ત.શિ.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ..
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.